# ડિગ્રી એન્જિનિયરિંગ અભ્યાસક્રમ માં પ્રવેશ ઇચ્છુક ઉમેદવાર તથા વાલીઓને જાણવા જોગ

ધો. ૧૨ (વિ.પ્ર.) પછીના પ્રથમ વર્ષ ડિગ્રી ઈજનેરી અભ્યાસક્રમોની ઓનલાઈન પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત પ્રવેશ વર્ષ-૨૦૨૦ માટે ની **GUJCET-૨૦૨૦** ના સ્ટેટ ક્વોટા આધારિત પ્રોવિઝનલ મેરીટ યાદી તા.૧૮-૦૯-૨૦૨૦ ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેનાં અનુસંધાને રજીસ્ટ્રેશન કરાવેલ ઉમેદવારોએ એડમિશન કમીટીની ઓનલાઈન રજીસ્ટ્રેશન વેબસાઈટ www.gujacpc.nic.in ની ઉપર પોતાના લોગ-ઇન આઈડીમાં જઈને **Candidate profile** મા મેરીટ ક્રમાંક તથા અન્ય માહિતી ચકાસી લેવા સલાહ આપવામાં આવે છે. **JEE(MAIN)** પર આધારિત મેરીટ યાદી તા.૨૫-૦૯-૨૦૨૦ ના રોજ જાહેર કરવામાં આવશે.

મેરીટ મા સમાવિષ્ટ તમામ ઉમેદવારોએ મોક રાઉન્ડ માટે ચોઇસ ફીલિંગની કાર્યવાહી તા. ૨૨-૦૯-૨૦૨૦ સુધી મા પૂર્ણ કરવાની રહેશે. **દરેક વિદ્યાર્થીઓએ શક્ય હોય ત્યાં સુધી પોતાની પસંદગીના અગ્રતા ક્રમમાં મહત્તમ ચોઈસ ભરવા સલાહ આપવામાં આવે છે.**

**Candidate profile** માં મેરીટ ક્રમાંક તથા અન્ય માહિતીમાં કોઈપણ પ્રકારનો સુધારો તથા પૂર્તતા જણાતી હોય, તેવા ઉમેદવારે જરૂરી તમામ દસ્તાવેજો જેવા કે **candidate profile, માર્કશીટ, અને આનુસાંગિક પ્રમાણપત્રો સ્કેન કરી ને pdf** edit.acpc@gmail.com તા. ૨૨-૦૯-૨૦૨૦ બપોરે ૦૩-૦૦ કલાક સુધી મા ઈ-મેઈલ થી મોકલી આપવાના રહેશે. ત્યારબાદ કોઈપણ પ્રકાર ની રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહિ. જેની લગતા વળગતા તમામ ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી.

**ઈ-મેઈલ ના સબ્જેક્ટ(વિષય) મા એપ્લીકેશન નંબર તથા નામ લખવાનું રહેશે.**

તા. ૧૮-૦૯-૨૦૨૦

-સભ્ય સચિવશ્રી